ક્રમાંક: સીડીએ/૨૦૦૬/૧૮૯૩/(૧૫૯)-ક૨

ઉપસચિવ (જળસંચય)
ન.,જ.સં.,પા.પુ. અને ક વિભાગ
સચિવાલય ,ગાંધીનગર
તા: 20 NOV 2006

પ્રતિ
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ -- સરદાર પટેલ સહભાગી સિંચાઈ વર્તુળ રાજકોટ.

વિષય : સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ( ચોથો તબકકો ) ના અમલ બાબત

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના હાલમાં પ્રવર્તમાન ચોથા તબકકામાં બધા જ પ્રકારના ચેકડેમોના બધા જ ભાગોનું બાંધકામ સીમેન્ટ કોંક્રીટ ૧:૩:૬ માં તેમજ પાયાના કોંક્રીટ તરીકે સીમેન્ટ કોંક્રીટ.૧:૪:૮ નો ઉપયોગ કરવાનું તા ૧-૪-૨૦૦૫ ના ઠરાવની જોગવાઇના પેરા (ડ) સબપેરા (૧) અન્વયે નિયત કરવામાં આવેલ છે. ઉપરાંત, ઠરાવની જોગવાઇ અનુસાર ચેકડેમોના બાંધકામ દરમ્યાન ગુણવત્તા નિયમન અધિકારીશ્રીઓએ દરેક ચેકડેમનું બોડીવોલ લીફટ પ્રગતિમાં હોય ત્યારે ઓછામાં ઓછી એક વખત અને કામ પૂર્ણ થયા બાદ એક વખત સ્થળ મુલાકાત લઇ તેમના લેખિત અહેવાલ/ ચેકલીસ્ટ આપવાના થાય છે જેના આધારે બિલો મંજુર કરી ચૂકવણા કરવામાં આવે છે.

હવેથી ચેકડેમોના ચુકવણા માટે નીચે મુજબની માર્ગદર્શિકા પ્રમાણે ક્ષેત્રિય અધિકારીશ્રીઓએ કરવાના રહેશે.

- જે ચેકડેમોનું બાંધકામ સરકાર શ્રી દવારા નિયત કરેલ સ્પેશીફીકેશન મુજબ થયું હોય, કામ સ્વીકૃત કક્ષાનું જણાતું હોય તેવા કિસ્સાઓમાં ગુણવત્તા નિયમન અધિકારીશ્રીઓ દવારા તેમની સ્થળ મુલાકાત વખતે ચેકલીસ્ટમાં કામ સંતોષકારક જણાશે તેવા કિસ્સાઓમાં ચેકડેમોના ચૂકવણા ઠરાવમાં નિયત થયેલ દર મુજબ કરવાના રહેશે.
- જે ચેકડેમોનું બાંધકામ સરકાર શ્રી દવારા નિયત કરેલ સ્પેશીફીકેશન મુજબ થયું હોય, કામ સ્વીકૃત કક્ષાનું જણાતું હોય- પરંતુ લાઇન લેવલ ન જળવાયા હોય, હનીકોમ્બીંગ જણાતું હોય, કયોરીંગ અપુરતુ જણાતુ હોય તેવા કિસ્સાઓમા ગુણવત્તા નિયમન અધિકારીશ્રીઓ દવારા તેમની સ્થળ મુલાકાત વખતે ચેકલીસ્ટમાં કામને મધ્યમ કક્ષાનું ગણવામાં આવશે. આવા મધ્યમ કક્ષાની ગુણવત્તા ધરાવતા ચેકડેમોના ચૂકવણા ઠરાવમાં નિયત થયેલ દર મુજબ ન કરતાં કપાત દરથી કરવાના રહેશે. ગુણવત્તા નિયમન અધિકારીશ્રીઓ દવારા આપવામાં આવેલ ચેકલીસ્ટના આધારે સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીઓએ કપાત દર નિયત કરવાનો રહેશે. આવા કપાત દર ધરાવતા ચેકડેમોના

No.
S. E. S. P. P. I. Circle
RAJKOT
In 699
12-12-06
208

ચુકવણા પ્રવર્તમાન જોગવાઇ મુજબ સંબંધિત મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી દવારા મંજુરી મળેથી કરવાના રહેશે.

➢ જે ચેકડેમોનું બાંધકામ સરકાર શ્રી દવારા નિયત કરેલ સ્પેશીફીકેશન મુજબ થયું ન હોય, કામ તાંત્રિક રીતે સ્વીકૃત કક્ષાનું જણાતું ન હોય- બાંધકામમાં માટી વપરાયેલ હોય, સિમેન્ટનું પ્રમાણ ઓછું હોય, પથ્થર કે અન્ય હાનિકારક સામગ્રીનો ઉપયોગ થયેલ હોય તેવા કિસ્સાઓમાં ગુણવત્તા નિયમન અધિકારીશ્રીઓ દવારા તેમની સ્થળ મુલાકાત વખતે ચેકલીસ્ટમાં કામને નબળી/ ઉતરતી કક્ષાનું ગણવામાં આવશે.આવી નબળી/ ઉતરતી કક્ષાની ગુણવત્તા ધરાવતા ચેકડેમોના ચુકવણા કરવાના રહેશે નહી જેથી નબળી ગુણવત્તાવાળા ચેકડેમોના બાંધકામ થતાં અટકાવી શકાય.

ઉપરની સુચનાઓને ધ્યાને રાખીને ઘટતાણાની કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતિ છે.

(કે.બી.વસા)
ઉપસચિવ (જળસંચય)

નકલ સાદર રવાના જાણ સારૂ:

અગ્રસચિવશ્રીના અંગત મદદનીશ- ન.જ.સં.પા.પુ. અને ક વિભાગ, સચિવાલય , ગાંધીનગર
મુખ્ય ઇજનેર (સૌ) અને અ.સ.શ્રી
મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અ.સ.શ્રી
મુખ્ય ઇજનેર ((મ.ગુ.) અને અ.સ.શ્રી
મુખ્ય ઇજનેર (દ.ગુ) અને અ.સ.શ્રી
મુખ્ય ઇજનેર (પં) અને અ.સ.શ્રી
મુખ્ય ઇજનેર (ગ.નિ.) અને અ.સ.શ્રી
વહીવટી સંચાલકશ્રી - ગુ.જ.સં.વિ.નિ.લી, ગાંધીનગર